No. of Printed Pages : 4

**FGT-01**

**BDP / BCA / BTS**

**Term-End Examination**

00805

**June, 2018**

## FGT-01 : FOUNDATION COURSE IN GUJARATI

*Time : 2 hours* *Maximum Marks : 50*

*આ પ્રશ્નપત્રમાં કુલ આઠ (8) પ્રશ્નો આપવામાં આવ્યા છે. બધા પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

1. નીચેના વિષયો પૈકી ગમે તે *એક* વિષય પર નિબંધ લખો. *8*

   (a) અનામત : સમસ્યા અને સમાધાન

   (b) પ્રદૂષણ નિયંત્રણ

   (c) યૌવન વીંઝે પાંખ

   (d) સમૂહ માધ્યમો

2. નીચેનામાંથી કોઈ પણ *ચાર* પ્રશ્નોના ઉત્તર આપો. *8*

   (a) આઝાદીના સંદર્ભમાં નવી પેઢી પાસે નેહરુજીની શી અપેક્ષા છે ?

   (b) એકતા અને વિવિધતાનો સમન્વય કઈ રીતે સાધવાનું લેખક સૂચવે છે ?

   (c) ગાંધીજીએ દાંડીકૂચની શરૂઆત ક્યાંથી કરી ? શા માટે ?

   (d) 'વિશ્વાત્મૈક્ય' એટલે શું ? વિશ્વાત્મૈક્યની ભાવના ક્યારે સિદ્ધ થઈ ગણાય ?

(e) કઈ બાબત માટે રાઈની નિત્ય જખમ ખમવા પડે તો તે માટેની પણ તૈયારી છે ?

(f) પત્રકારત્વ લોકમાનસનું ઘડતર કઈ રીતે કરી શકે ?

3. (a) કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગા પૂરો. *4*

(i) શબ્દમાં કોઈ એક અક્ષર ઉપર તેની સાથે ઉચ્ચારાયેલા અન્ય અક્ષરોને મુકાબલે મુકાયેલો ભાર ______ તરીકે ઓળખાય છે. (સ્વરભાર, અક્ષરભાર, ધ્વનિભાર)

(ii) પાણી એ ______ છે. (મૂળતત્ત્વ, હાઈડ્રોજન અને નાઈટ્રોજનનું મિશ્રણ, હાઈડ્રોજન અને ઑક્સિજનનું સંયોજન)

(iii) ભારતની સાંસ્કૃતિક પરંપરામાં ______ નો ખૂબ મહિમા છે. (શરીરબળ, શબ્દશક્તિ, રાજસત્તા)

(iv) ક્ષમા એ ______ નું ભૂષણ મનાય છે. (બહાદુર, નીડર, નિર્ભય, વીર)

(b) રૂઢિપ્રયોગ અને તેના અર્થની જોડ મેળવી લખો. *4*

| | |
|---|---|
| (i) છાતી ઠોકીને કહેવું | (1) ગર્વ થવો |
| (ii) છાતી પર પથ્થર મૂકવો | (2) વિશ્વાસપૂર્વક કહેવું |
| (iii) છાતી ચિરાઈ જવી | (3) હિંમતપૂર્વક સહન કરવું |
| (iv) છાતી ફૂલવી | (4) ખૂબ દુઃખ થવું |

4. નીચેનામાંથી ગમે તે *બે* વિષે ટૂંકનોંધ લખો. *6*

(a) મનુષ્ય અને વૃક્ષના સંબંધની પ્રગાઢતા

(b) ભારતના બંધારણમાં નિર્દિષ્ટ મૂળભૂત હક્કો

(c) લોકધર્મી પત્રકારત્વનો આદર્શ

5. નીચેનાં વાક્યોના શબ્દોનો ક્રમ યોગ્યરીતે ગોઠવીને તે વાક્યો ફરીથી લખો. *4*

(a) સંવાદોના પડે કાળજી છે વાર્તા વિશેષ કે નાટકમાંના અનુવાદમાં રાખવી.

(b) સમાયેલી પણ શ્રીમતી ! વધારે છે ઔષધોથી આપના કરવા શ્રમમાં કયા આરામ સમર્થ.

(c) કેળવાય જાય થતું છે ભાવ તેમ આત્મૌપત્ય તેમ છે જેમ વિશાળ જેમ હૃદય.

(d) પામેલા કંઠમાંથી સ્વર હતો વરદાન કોઈ નમણા ગળાઈને વહી આવતો.

6. નીચે અવતરણ ચિહ્નોમાં આપેલ ઉક્તિઓ કોણ બોલે છે તે નામની આગળ આપેલ ખાનામાં ખરાની (√) નિશાની કરીને દર્શાવો. *4*

(a) "શેઠ હજો તો આવા મોટા ગજાના હજો !"

(i) રાજુ

(ii) કાળુ

(iii) કોદર

(b) "હિન્દુસ્તાનમાં કામ કરનારને ખાવા નથી મળતું પણ કામ નહીં કરનારને મળી રહે છે."

(i) નાયક

(ii) નાયિકા

(iii) મહારાજ

(c) "છેવટે પારકાં છોકરાં જ રાજી કરવાનાં છે ને ?"

(i) હેતી

(ii) શકરી

(iii) દલુચંદ શેઠ

(d) "આપનો સમભાવ એ તો મહામૂલ્ય વસ્તુ છે."

(i) કલ્યાણકાય

(ii) સાવિત્રી

(iii) રાઈ

**7.** નીચેના પ્રશ્નોના જવાબ લખો. *6*

(a) વિજ્ઞાનનું રહસ્ય શામાં છે ?

(b) સમાજ વ્યક્તિના વિકાસમાં કઈ રીતે ફાળો આપે છે ?

**8.** નીચેનાં કથનોને સમજાવો. *6*

(a) "વૃક્ષ એ ધરતીનું સંગીત છે"

(b) "મારે કાંઈ પૂજ્યભાવથી પ્રેમ કરવાનો છે ? મારે તો માલિકીપણાથી પ્રેમ કરવાનો છે."

(c) "બીજાંને મારવા બેઠો છે પણ યાદ રાખને, તું જ પેંલો મરવાનો છે."

---